"નો, પ્લીઝ.... નો, છોડો મને.... છોડો..." ચીસો બહાર સંભળાતી હતી. બે જણાં બારણાં તરફ ધસી ગયાં - એક સ્ત્રી અને એક પુરુષ. બંધ બારણાંના કાચમાંથી પુરુષે અંદર જોવાનો પ્રયત્ન કર્યો.

"નો... નો... નો..." આખી હૉસ્પિટલને થથરાવી નાખતી ચીસ ફરી સંભળાય. ચીસથી ગભરાયેલી સ્ત્રી બાંકડા પર બેસી પડી. પુરુષે અંદર જોયું તો એ પલંગ પર તરફડી રહી હતી. એનાં બંને પગ દોરડાથી મજબૂત રીતે બાંધ્યા હતા અને બે મજબૂત બાંધાની વ્યક્તિઓએ એનાં હાથ પકડી રાખ્યા હતા.

એક નર્સે પુરુષને બારણાં પાસેથી ખસી જવાનું કહ્યું અને બાંકડા તરફ બેસવાનો ઈશારો કર્યો. નર્સ અંદર જાય એ પહેલાં 'ડૉક્ટર ક્યારે આવશે?' એવું પુરુષે નર્સને પૂછી લીધું. "બસ આતે હી હોંગે" જેવું કંઈક બબડીને નર્સે બારણું બંધ કરી દીધું. પુરુષે ફરી એક નજર કાચની આરપાર નાખી. કોઈ ભયંકર ગુનો કર્યા પછી ખતરનાક કેદીને બેડીઓના બંધનમાં રાખવામાં આવે એમ એને અત્યારે બંધનમાં રાખવામાં આવી હતી.

અંદર ગયેલી નર્સ પેલી બે કદાવર વ્યક્તિઓને કંઈક સૂચના આપી રહી હતી. પેલી બે વ્યક્તિઓ સૂચનાની સાથેસાથે માથું હલાવ્યે જતી હતી. માથું હલાવતી વખતે પણ એમના હાથની પકડ ઢીલી થતી નહોતી. મજબૂત પકડની વચ્ચે વચ્ચે આખી હૉસ્પિટલને ચીરી નાખતી એની ચીસો સંભળાયા કરતી હતી. નર્સે એક ઇન્જેક્શન તૈયાર કર્યું અને એના ખભા પર મૂક્યું. ફરી પેલી બે વ્યક્તિઓને સૂચના આપીને નર્સ બહાર આવી. પુરુષે ફરી પૂછ્યું, "ડૉક્ટર..." - એનું વાક્ય પૂરું થાય એ પહેલાં નર્સ તાડૂકી, "એક બાર કહા કિ ડૉક્ટર ઘર સે નિકલ ચૂકે હૈ, આતે હી હોંગે, ફિર બાર બાર પૂછને કા ક્યા મતલબ, શાંતિ સે બૈઠો ઈધર." નર્સ જતી રહી.

પુરુષે ફરી એક નિરાશ નજર અંદર કરી. એનો તરફડાટ શમી ગયો હતો. બંને કદાવર વ્યક્તિઓ જાણે પોતે બંધનમાંથી મુક્ત થયા હોય એમ નિરાંત અનુભવતા હતા. પુરુષ સ્ત્રી પાસે બાંકડા પર બેઠો. સ્ત્રી રડતી હતી. પુરુષે એના ખભા પર હાથ મૂક્યો. સ્ત્રીએ પુરુષની સામે જોયું. "થઈ જશે, બધું સારું થઈ જશે" જેવો ભાવ સ્ત્રીને પુરુષની આંખમાં વાંચવા મળ્યો. "સારું તો થઈ જશે પણ ક્યારે ? ક્યાં સુધી આ ચીસો સાંભળવાની અને ક્યાં સુધી આ તરફડાટ ?" - જેવા પ્રશ્નો પુરુષને સ્ત્રીની આંખમાંથી સંભળાયા. બંને એકબીજાંને આંખોથી આશ્વાસન આપવાનો પ્રયત્ન કરી રહ્યાં હતાં. સ્ત્રીએ પુરુષનો હાથ દબાવ્યો અને બંને જણાં લાંબો સમય એમ જ શાંત બેસી રહ્યાં. વચમાં એકાદ વાર પુરુષે કાચની આરપાર જોઈ લીધું હતું, જ્યાંથી થોડા સમય પહેલાં દર્દનાક ચીસો સંભળાતી હતી, બંધનમાંથી છૂટવાનો તરફડાટ હતો, ત્યાં અત્યારે બિલકુલ શાંતિ હતી.

પુરુષે જોયું તો સ્ત્રી માથું ભીંતને ટેકવીને સૂઈ ગઈ હતી. એનો હાથ હજી પુરુષના હાથ પર હતો. દબાયેલો હાથ પુરુષે હળવેકથી બહાર કાઢી લીધો. ખાસ્સો સમય થયો હોવા છતાં ડૉક્ટરનો હજી પત્તો નહોતો. એને થયું કે જઈને નર્સને પાછું પૂછે કે, ડૉક્ટર ક્યારે આવશે? એણે અંદર નજર કરી અને નર્સને પૂછવા માટે ચાલવા લાગ્યો. થોડી વારે એ પાછો ફર્યો તો સ્ત્રી બાંકડા પર નહોતી. "ક્યાં ગઈ હશે?" એના મનમાં પ્રશ્ન થયો અને એના મનમાં જ એને ઉત્તર પણ મળ્યો કે, "હશે આટલામાં જ! ક્યાં જવાની? ગઈ હશે ટોઈલેટ બાજુ ક્યાંક..." અને બાંકડા પર બેઠો. એ બાંકડા પર બેઠો કે તરત અંદરથી ચીસ સંભળાઈ, "છોડો, મને છોડો, છોડી દો..." પુરુષ તરત બાંકડા પરથી ઊભો થઈ ગયો અને એણે કાચમાંથી જોયું તો ફરી એ છૂટવા માટે ધમપછાડા કરી રહી હતી. નિરાંતે બેઠેલી પેલી બે કદાવર વ્યક્તિઓએ ફરી એને મજબૂત પકડમાં લીધી અને પલંગ પર સુવાડી દીધી. નર્સ દોડતી આવી અને એની પાછળ સ્ત્રી પણ દોડતી આવી. પુરુષ નર્સને કંઈ પૂછે એ પહેલાં તો નર્સે 'ધડામ્' દઈને બારણું બંધ કરી દીધું. સ્ત્રી અને પુરુષ બંને જાણે કોઈ ખેલ જોતાં હોય એમ અંદર જોવાં લાગ્યાં.

મોડા મોડા પણ ડૉક્ટર આવ્યા. ડૉક્ટરે પુરુષ સાથે હાથ મિલાવ્યા. "ચિંતા ન કરો, સારું થઈ જશે" જેવું આશ્વાસન સ્ત્રી-પુરુષને આપ્યું અને અંદર ગયા. ડૉક્ટર આવી ગયા છે એવું ખબર પડી એટલે હૉસ્પિટલમાં રહેલાં અન્ય દર્દીઓનાં સગાં-વહાલાં પણ સ્ત્રી-પુરુષ પાસે ભેગાં થયાં. બધાં પોતપોતાની રીતે આશ્વાસન આપવાનો પ્રયત્ન કરતાં હતાં. સ્ત્રી રડતી-રડતી બાંકડા પર બેસી પડી. બીજી

એક સ્ત્રી પણ એની પાસે જઈને બેઠી. પુરુષ એકધારું અંદર જોઈ રહ્યો હતો. એનાં તરફડાટ-ધમપછાડા પહેલાં કરતાં પણ વધી ગયાં હતાં. નર્સે આપેલા ઇન્જેક્શનની અસર માંડ એક કલાક રહી હશે. પેલી બે કદાવર વ્યક્તિઓ પહેલાંની જેમ જ ખડેપગે પોતાની ફરજ મજબૂત રીતે બજાવી રહ્યા હતા. એનાં ધમપછાડા એટલાં બધાં વધી ગયાં હતાં કે પગ બાંધેલા હોવા છતાં નર્સે એનાં પગ પકડી રાખ્યાં હતાં.

"છોડી દો, છોડી દો"ની ચીસો હવે વારંવાર બહાર સંભળાતી હતી. જેમ જેમ ચીસો સંભળાતી સ્ત્રીની આંખોમાંથી આંસુની ધાર એટલી ઝડપથી વહેતી હતી. એકમાત્ર પુરુષ શૂન્યમનસ્ક ચહેરે અંદર જોઈ રહ્યો હતો. એની ચીસ ફરી સંભળાઈ. ડૉક્ટરે રૂનો એક મોટો ટૂકડો એના મોઢામાં મૂકી દીધો. ચીસો બંધ થઈ ગઈ. પુરુષ દૂરથી પણ એની આંખોમાં રહેલો ગભરાટ વાંચી શક્યો. એ ગભરાયેલી આંખો જોઈને પુરુષને પણ થયું કે એનાથી રડી પડાશે. એ જઈને સ્ત્રી પાસે બેઠો. હવે પછીનું અંદરનું દૃશ્ય એ પોતે પણ જોઈ શકે એમ નહોતો. ડૉક્ટરે ઈલેક્ટ્રિક મશીન ચાલુ કર્યું હતું...

ડૉક્ટર બહાર આવ્યા અને પુરુષને પોતાની સાથે આવવા કહ્યું. પુરુષ ડૉક્ટરની પાછળ ગયો. એની ચીસો સંભળાતી નહોતી એટલે સ્ત્રીએ કાચમાંથી અંદર જોયું. ત્યાં નહોતો કોઈ ધમપછાડો કે નહોતો કોઈ તરફડાટ. એ લાશ બનીને પલંગ પર પડી હતી. નર્સ ઈલેક્ટ્રિક મશીન બંધ કરીને એનાં સાધનો વ્યવસ્થિત ગોઠવતી હતી. પેલી બે વ્યક્તિઓ લાશ જેવા શરીર પરનાં બંધનો છોડી રહી હતી. સ્ત્રીથી એક પોક મૂકાઈ ગઈ. એને ઉઠાવીને સ્ટ્રેચર

પર સૂવડાવવામાં આવી. પેલી બે વ્યક્તિઓ મોર્ગમાંથી મડદું બહાર લાવતા હોય એમ એને લઈને બહાર આવ્યા.

જેવું સ્ટ્રેચર બહાર આવ્યું કે સ્ત્રી એકદમ ધસી ગઈ. લાશ બની ગયેલા એના શરીરને એણે જોરજોરથી હલાવ્યું. નર્સ દોડતી આવી અને સ્ત્રીને ખિજવાઈ, "દિખાઈ નહીં દેતા, વો બેહોશ હૈ." સ્ટ્રેચર આગળ વધી ગયું અને સ્ત્રી એની પાછળ ચાલવા લાગી. ભેગાં થયેલામાંથી કોઈ બોલ્યું પણ ખરું, "આમ રોજ ટૂકડે ટૂકડે મરવું એના કરતાં તો..." સ્ત્રી એ લોકો તરફ ફરી અને હાથ જોડીને કહેવા લાગી, "પ્લીઝ, આવું ન બોલો, એ હજી જીવે છે, એ હજી લાંબું જીવશે." લોકો વિખેરાયાં અને સ્ત્રી પણ એને જે સ્પેશિયલ રૂમમાં રાખી હતી એ રૂમમાં ગઈ.

"જુઓ, એને આજથી આ ઈલેક્ટ્રિક શૉકની ટ્રીટમેન્ટ શરૂ કરી છે અને હજી ત્રણેક દિવસ આ ટ્રીટમેન્ટ આપવી પડશે."

"પણ ડૉક્ટર એને સારું તો થઈ જશે ને?"

"તમને મારા પર વિશ્વાસ છે કે નહીં? ટ્રસ્ટ મી. આ ટ્રીટમેન્ટ છેવટનો ઉપાય છે અને એનાથી સારું થઈ જ જશે. એ પહેલાં જેવી બિલકુલ નોર્મલ થઈ જશે."

"ડૉક્ટર, આ ટ્રીટમેન્ટથી બીજી કોઈ મુશ્કેલી તો ઊભી નહીં થાય ને?"

"સોમાથી માંડ એકાદ કિસ્સામાં આ ટ્રીટમેન્ટની સાઇડ ઇફેક્ટ જોવા મળે છે, પણ આ કિસ્સામાં એવું નહીં થાય એની હું ખાતરી આપું છું."

"થેન્કયૂ ડૉક્ટર!"

પુરુષ ધીમે પગલે એનાં તરફ આવ્યો. સ્ત્રી પલંગ પાસે બેઠી હતી અને એનાં માથા પર હળવે હળવે હાથ ફેરવતી હતી. બારીમાંથી તડકો સીધો સ્ત્રીના માથા પર પડતો હતો. પુરુષે પડદો બંધ કર્યો અને સ્ત્રીની નજીક જઈને બેઠો.

"શું કહ્યું ડૉક્ટરે?"

• • •

એનું નામ રીતુ શાહ. ઉંમર ૨૦ વર્ષ. યુવાનીને ભરપૂર રીતે માણવાની અને જિંદગીને રંગબેરંગી રીતે જીવવાની ઉંમરે રીતુની જિંદગી અત્યારે તો સફેદ થઈ ગઈ હતી. ૨૦ વર્ષની ઉંમર, હા, ૨૦ વર્ષની ઉંમરે રીતુએ એકથી વધુ વખત આત્મહત્યા કરવાનો પ્રયત્ન કર્યો હતો.

તાપી નદીને કિનારે આવેલા મારા બંગલાની બારીમાંથી હું ડૂબતા સૂર્યને જોઈ રહ્યો છું. હું - રોનક માણેકલાલ શાહ. સુરત શહેરમાં આ નામ એટલે બિલ્ડિંગ કન્સ્ટ્રક્શનના વ્યવસાયમાં મોટું નામ. મોટું નામ એટલે, જે જમીન પર મારી નજર પડે એ પછી રોનક માણેકલાલ શાહના નામે થયા વગર રહેતી નહીં. જેવી જમીન મારે નામે થાય કે ફટાફટ આલિશાન બિલ્ડિંગ એના પર ખડી થાય! આજે કંઈ કેટલીયે મોટી મોટી આલિશાન બિલ્ડિંગો સુરત શહેરમાં મેં ખડી કરી છે. તમે તો જાણો જ છો આવી મોટી બિલ્ડિંગો ખડી કરવી એ કંઈ ખેલ તો નથી જ અને એ માટે ક્યાં ક્યાં રૂપિયા...

ચાલો, જવા દો... આ બધી વાતોમાં તમને ક્યાં ઈન્વોલ્વ કરું? આમ પણ તમે બધું જાણો જ છો કે આજે કોઈ પણ બિઝનેસ દૂધે ધોયેલો નથી અને એમાં પણ આ બિલ્ડિંગ કન્સ્ટ્રક્શનમાં તો... તમને ધાક જમાવતા ન આવડે તો કોઈ તમારા પર ધાક જમાવી જાય. સાવ નાનો હતો ત્યારથી જ આ નદીના કિનારે ઘર-ઘર બનાવવાની રમત રમતો અને ત્યારથી ઘર બનાવવાનો - બિલ્ડિંગનો એક ચસકો લાગી ગયો હતો. નાનો હતો ત્યારે પણ સૌથી પહેલાં

ફટાફટ ઘર બનાવી નાખવાનું એક પ્રકારનું ઝનૂન મને રહેતું હતું. એમાં જો હું પાછળ પડું તો મારા મિત્રો સાથે લડતો પણ હતો. મારા એ ઝનૂનને કારણે મિત્રો છૂટતા ગયા, હું એકલો પડતો ગયો. મોટો થયો, એન્જિનિયર બન્યો, નવા મિત્રો બન્યા પણ મારા ઝનૂનની ખબર પડતી કે એમનું અંતર વધી જતું. આમ, બધાથી ઘેરાયેલો હું સાવ એકલો હતો. મને ખબર હતી કે મારી આસપાસ ટોળું છે પણ એ મારાથી અંતર રાખે છે. એ ટોળું મારી આસપાસ મારી ધાકને કારણે છે. એ ટોળામાંથી કોઈની હિંમત નથી ચાલતી કે મારા ધાકનું વર્તુળ તોડીને એમાં પ્રવેશ કરી શકે.

આ બિઝનેસમાં તેજી-મંદી તો આવતી જ રહે છે. જમીનના ભાવ પણ અપ-ડાઉન થતાં રહે છે. છેલ્લા થોડા વખતથી મારી નજર ખડૂતોની જમીન પર રહેતી હતી. ખેડૂતો પાસેથી જમીનો કેવી રીતે મેળવવી અને એના પર કોમ્પ્લેક્સ કે મૉલ ઊભાં કરવામાં હવે હું એક્સપર્ટ ગણાવા લાગ્યો. આર.એસ.એસ. ગ્રૂપ - રોનક માણેકલાલ શાહ ગ્રૂપની સાઈટ્સ શહેરમાં બધે જ જોવા મળતી હતી. હું કામમાં એટલો બધો બિઝી થઈ જતો કે ઘર માટે કોઈ સમય આપી નહોતો શકતો. કામનું ઝનૂન એટલું સવાર રહેતું કે બીજું બધું ભૂલાઈ જતું... વિશાખા સુધ્ધાં! વિશાખા - માય વાઈફ. વિશાખા કંટાળતી પણ ચૂપ રહેતી. એ પણ મારી ધાકનું વર્તુળ તોડીને એમાં પ્રવેશવાની હિંમત નો’તી કરી શકતી. જો કે, એક વખત એણે એવી હિંમત કરવાની કોશિશ કરી હતી...

“તમે આખો દિવસ આમ જ...”

“તો શું?”

"મારે આખો દિવસ કરવાનું શું?"

"ઘરમાં ટી.વી. છે, ગાડી છે, ડ્રાઈવર છે, ડ્રાઈવરને લઈને બહાર ફરવા જા, શૉપિંગ કર."

"પણ તારી સાથે ફરવું હોય તો?"

"તો મને ટાઈમ મળે ત્યાં સુધી વેઈટ કરવાની."

"આ જન્મે તો તમને ટાઈમ મળશે એવું લાગતું નથી."

"તો આવતા જન્મે..."

- અને મેં લાઈટ બંધ કરી દીધી. એ પછી એણે બીજી વખત ફરવા જવાની વાત નથી કરી.

અમે લોકો બહાર ફરવાં ગયાં જ નથી એવું પણ નથી. એક વખત ગયાં હતાં ડુમ્મસના દરિયા કિનારે, વહેલી સવારે. દરિયા કિનારે પાળ પર બેસીને ડુંગળી - બટાકાનાં ભજિયાં ખાધાં હતાં અને ચાની ચુસ્કીઓ લગાવી હતી. પણ એ વાતને ય વર્ષો વીતી ગયાં. મને વિશાખા સાથે નથી બનતું કે નથી ગમતું એવું પણ નથી કે એનું પણ એવું નથી. પણ કામ જ એવું છે કે, હું સમય આપી શકતો નથી અને હવે તો એ વાત એણે પણ સ્વીકારી લીધી છે. વિશાખાએ એ વાત સ્વીકારી લીધી હોવા છતાં ક્યારેક એની આંખો વાંચવા મળે છે ત્યારે એ સવાલ ઝળઝળી ઊઠે છે કે, આ જન્મે ટાઈમ મળશે કે કેમ?

જૈન હોવા છતાં ધર્મના કોઈ બંધને મને નડતા નહોતા. બિઝનેસને કારણે મારે ઊઠવા-બેસવાનું એવાં લોકો જોડે રહેતું હતું કે એ લોકો બધી વાતે પૂરા હતા. હા, મેં એટલું રાખ્યું હતું કે એ બધી બાબતોથી વિશાખા દૂર રહે. એણે જે નિયમો પાળવા હોય એમાં હું ક્યાંય આડો આવતો નહોતો. હું મારું ખાવા-પીવાનું બધું જ બહાર પતાવીને

આવતો હતો. મોટે ભાગે પાર્ટીઓમાં હું એકલો જ જતો હતો. શરૂઆતમાં વિશાખા મારી સાથે પાર્ટીઓમાં આવતી હતી. પણ પાર્ટીઓનો માહોલ એને બહુ ફાવતો નહીં. પછી તો એ જ ના પાડવા લાગી. હું પાર્ટીઓમાંથી મોડો આવતો અને ગેસ્ટરૂમમાં જ સૂઈ જતો. વિશાખા માટે એ અસહ્ય હતું. પણ મારે બિઝનેસને કારણે આ બધું કર્યા વગર છૂટકો નહોતો એવું એને ગળે ઉતાર્યા પછી એણે કમને બધું એક્સેપ્ટ કર્યું હતું. ટૂંકમાં, હું જેવો છું તેવો વિશાખાએ મને એક્સેપ્ટ કર્યો છે અને અમારી મેરેજ લાઇફનું ગાડું ગબડ્યે જાય છે, ગબડ્યે જતું હતું... પણ એક દિવસ...

• • •

આ તમે પહેલા પ્રકરણને અંતે રીતુની આત્મહત્યાની વાત વાંચી હતી. એ રીતુ આ રોશન માણેકલાલ શાહની દીકરી, એકની એક દીકરી...